ગીર,બરડા,આલેચના નેસ વિસ્તારના રબારી, ભરવાડ અને ચારણ જાતિના લોકોને જાતિ પ્રમાણપત્ર આપવા બાબત.

ગુજરાત સરકાર,

આદિજાતિ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક: અજપ-૧૦૨૦૦૮-૬૭૧-ચ. (પાર્ટ ફાઇલ).

સચિવાલય ગાંધીનગર.

તારીખ: ૧૮ /૦૧/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૬/૦૬/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક:અજપ–૨૦૦૬-૧૨૬૪-ચ.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૧/૦૧/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક:અજપ–૧૦૨૦૦૮-૬૭૧-ચ.

(૩)આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩૧/૦૭/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:અજપ–૧૦૨૦૧૫-૫૩૬૯૭૬ ચ.

આમુખ:-

ગીર,બરડા અને આલેચના નેસ વિસ્તારના રબારી,ભરવાડ અને ચારણ જાતિના લોકોને જાતિ પ્રમાણપત્ર આપવા માટે તાલુકા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને રેન્જ ફોરેસ્ટ ઓફિસરની બનેલી તાલુકા સમિતિની રચના વંચાણે લીધેલ ક્રમ-૨ પરના ઠરાવથી કરવામાં આવેલ.આ તાલુકા સમિતિની ભલામણને આધારે તાલુકા મામલતદાર પોતાની સહીથી જાતિ પ્રમાણપત્ર ઇસ્યુ કરે છે.

પ્રસંગોપાત ત્યારબાદ, વંચાણે લીધા ક્રમ-૩ પરના ઠરાવથી તાલુકા સમિતિના ત્રણેય સભ્યોની સંયુક્ત સહીથી જાતિ પ્રમાણપત્ર ઇસ્યુ કરવામાં આવે તેમજ અન્ય જિલ્લાઓમાં જાતિ પ્રમાણપત્ર મળવા અંગેની રજુઆતના કિસ્સામાં પણ આ ત્રણ અધિકારીઓની સહીથી રીપોર્ટ કરવાની સુચના આપવામાં આવેલ.પરંતુ આ જોગવાઇથી જાતિ પ્રમાણપત્રો કાઢી આપવામાં વિવિધ વહીવટી પ્રશ્નો ઉભા થતા હોય તેમજ બિનજરૂરી વહીવટી વિલંબ થવાના કારણે અરજદારોને જાતિ પ્રમાણપત્ર મેળવવામાં મુશ્કેલી પડતી હોવાની રજુઆત આ વિભાગને અવારનવાર મળતી હોય જે બાબત આ સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, એમ ઠરાવવામાં આવે છે કે, ગીર, બરડા અને આલેચના નેસ વિસ્તારના રબારી,ભરવાડ અને ચારણ જાતિના લોકોને જાતિ પ્રમાણપત્ર તાલુકા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને રેન્જ ફોરેસ્ટ ઓફિસરની સંયુક્ત સહીથી આપવાનો વંચાણે લીધેલ ક્રમ-૩ પરનો તા.૩૧/૦૭/૨૦૧૫નો ઠરાવ આથી રદ કરવામાં આવે છે.

(૨) ઉપરાંત હાલની પ્રવર્તમાન જોગવાઇ મુજબ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને રેન્જ ફોરેસ્ટ ઓફિસરની સંયુક્ત સહીથી જાતિ પ્રમાણપત્ર આપવાના બદલે વંચાણે લીધા ક્રમ-૨ પરનો તા.૨૧/૦૧/૨૦૧૦ના સંકલિત ઠરાવથી તાલુકા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને રેન્જ ફોરેસ્ટ ઓફીસરની બનેલી તાલુકા સમિતિની ભલામણને આધારે માત્ર મામલતદારની સહીથી જાતિના દાખલા કાઢી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૩) વધુમાં, ગીર, બરડા અને આલેચના જંગલ વિસ્તારમાં નેસમાં વસતા લોકોને જાતિ પ્રમાણપત્ર આપવા અંગે સરકારશ્રીના તા.૨૬/જૂન, ૨૦૦૭ના વંચાણેલીધા ક્રમાંક: (૧) પરના ઠરાવની જોગવાઈઓ, મુજબ અને નીચે જણાવેલ કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે.

(૩)(૧) હાલ જે અરજદારો ગીર, બરડા અને આલેચના જંગલમાં નેસમાં વસવાટ કરે છે અને મકાન કે ઢોર જેવી અસ્ક્યામતો ધરાવે છે તેવા કિસ્સામાં અરજદારો ૧૯૫૬ થી જ ત્યાં વસવાટ કરે છે તેમ ગણીને જાતિના દાખલા આપી શકાય. આવા કિસ્સાઓમાં વન અને પર્યાવરણ વિભાગ અને મહેસૂલ વિભાગના સંબંધિત અધિકારીઓની સંયુક્ત ટુકડી સંબંધિત જંગલના નેસ વિસ્તારોની મુલાકાત લઈ ફોટોગ્રાફ પાડી તેની ખરાઈ કરી પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૩)(૨) જે કેસોમાં વર્ષ ૧૯૫૬થી અત્યાર સુધીના સમયગાળામાં ક્યારેય પણ રાજ્ય સરકારની માન્ય યોજના હેઠળ નેસમાંથી સ્થળાંતર કરવામાં આવેલ હોય તે કુટુંબો ૧૯૫૬ પહેલાં પણ નેસમાં જ હતા તેમ ગણીને તેમને દાખલા આપી શકાશે. પરંતુ સ્થળાંતર થયા અંગેના જરૂરી પુરાવાઓ પુરા પાડવાની અને ચકાસણી કરવાની રહેશે.

(૩)(૩) જે કિસ્સામાં માતા-પિતાને સમિતિમાં મંજૂર થયેલ પ્રોસીડીંગ્ઝના આધારે જાતિનું પ્રમાણપત્ર આપેલ હોય તે કિસ્સામાં તેમજ વન વિભાગ પાસે સને-૧૯૫૬ની સ્થિતિએ તેમજ સને-૧૯૭૬ના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સીધી લીટીના એટલે કે માત્ર લોહીના સબંધ ધરાવતા ઇસમો/ વારસદારોને જાતિ પ્રમાણપત્ર આપવાના રહેશે. પરંતુ શરત એ રહેશે કે, માતા-પિતાને આપેલ જાતિના દાખલા બાબતે સક્ષમ અધિકારી કે કોઈ કોર્ટ સમક્ષ કેસ કે દાવાઓ ચાલતા નથી તે મતલબનું સોગંદનામું અરજદારે રજુ કરવાનું રહેશે. તેમજ જો કોઈ કોર્ટ કેસ કે દાવાઓ ચાલતા હશે તો તે આધારે જાતિ પ્રમાણપત્ર આપી શકાશે નહિં.

(૪) ઉપર જણાવેલ કેટેગરી સિવાયના અરજદારોને જાતિના દાખલા પ્રવર્તમાન જોગવાઈ મુજબ જરૂરી આધાર પુરાવા રજુ કર્યેથી આપી શકાશે.

(૫) વંચાણે લીધા ક્રમ-૨ પરના તા.૨૧/૦૧/૨૦૧૦ના સંકલિત ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

(૬) આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૦૬/૧૨/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાજેશ પટેલ )

ઉપસચિવ,

આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રી ના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી , સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.સંસદીય સચિવ આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ,બ્લોક-નં..૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક અને ન્યાય અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર.
- કલેકટરશ્રી તમામ
- મામલતદારશ્રી તમામ
- તાલુકા વિકાસ અધિકારી તમામ
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સગુજરાત રાજ્ય, અરણ્યભવન, ગાંધીનગર તરફ ઉકત ઠરાવ તાબાની કચેરીઓને જાણ તથા જરુરી કાર્યવાહી સારુ મોકલવાની વિનંતી સહ.
- સિસ્ટમ મેનેજર,આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર તરફ ઉકત ઠરાવ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.